NAVSARI AGRICULTURAL UNIVERSITY

# હિસાબ નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

**યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦**

## પરિપત્ર

**તા.૦૧/૦૧/૨૦૨૬ થી રાજ્ય સરકારના છઠ્ઠા પગારપંચ મુજબ પગાર અને પેન્શન મેળવતા કર્મચારીઓ/ પેન્શનરોને મળવાપાત્ર મોંઘવારી ભથ્થાના દરમાં ૫% વધારો કરવા બાબત.**

ગુજરાત સરકાર, નાણાં વિભાગનાં તા.૦૪/૦૫/૨૦૨૬ ના ઠરાવ ક્રમાંક: વલભ-૧૦૨૦૦૯-જીઓઆઈ-૧૦-ચ થી રાજ્ય સરકારના **છઠ્ઠા પગારપંચ** મુજબ પગાર અને પેન્શન મેળવતા કર્મચારીઓ અને પેન્શનરોના મોંઘવારી ભથ્થાના પ્રવર્તમાન **૨૫૭%** ના દરમાં સુધારો કરી તા.૦૧/૦૭/૨૦૨૫ ની અસરથી **૫%** વધારો કરી મૂળ પગારના **૨૬૨%** ના દરે મોંઘવારી ભથ્થું ચૂકવવાનું ઠરાવવામાં આવેલ છે તેમજ ગુજરાત સરકાર, નાણાં વિભાગનાં ઉપરોક્ત ઠરાવ પરત્વે પ્રસ્તુત (જાન્યુઆરી-૨૦૨૬ થી એપ્રિલ-૨૦૨૬) મળવાપાત્ર મોંઘવારી ભથ્થાના પગાર તફાવતની રકમ ચુકવવા અંગે જરૂરી સ્પષ્ટતા કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

**કર્મચારીઓના કિસ્સામાં,** તા.૦૧/૦૧/૨૦૨૬ ની અસરથી **૨૬૨%** ના દરે જાન્યુઆરી-૨૦૨૬ થી એપ્રિલ-૨૦૨૬ સુધીના કુલ–૪ માસના મોંઘવારી ભથ્થાના તફાવતની રકમની ચૂકવણી ઠરાવની વિગતે **એક જ હપ્તામાં** મે-૨૦૨૬ માસના પગાર(પેઈડ ઇન જુન-૨૦૨૬ ) સાથે રોકડમાં કરવાની રહેશે. પ્રસ્તુત તફાવતની રકમ URP સોફ્ટવેરમાં **DA Arrear** માં દર્શાવી ચૂકવવાની કાર્યવાહી કરવાની રહેશે.

મે -૨૦૨૬ના પગારમાં (પેઈડ ઇન જુન-૨૦૨૬) મોંઘવારી ભથ્થાના પ્રવર્તમાન **૨૫૭%** ના દરમાં સુધારો કરી મૂળ પગારના **૨૬૨%** ના દરે મોંઘવારી ભથ્થું આકારી પગાર ચુકવવાનો રહેશે.

**પેન્શનરોના કિસ્સામાં,** તા.૦૧/૦૧/૨૦૨૬ ની અસરથી **૨૬૨%** ના દરે જાન્યુઆરી-૨૦૨૬ થી એપ્રિલ-૨૦૨૬ સુધીના કુલ–૪ માસના મોંઘવારી ભથ્થાના હંગામી તફાવતની રકમની ચૂકવણી ઠરાવની વિગતે **એક જ હપ્તામાં** મે-૨૦૨૬ માસના પેન્શન(પેઈડ ઇન જુન-૨૦૨૬ ) સાથે રોકડમાં કરવાની રહેશે.

મે -૨૦૨૬ના પેન્શનથી (પેઈડ ઇન જુન-૨૦૨૬) મોંઘવારી ભથ્થાના પ્રવર્તમાન **૨૫૭%** ના દરમાં સુધારો કરી મૂળ પેન્શનના **૨૬૨%** ના દરે મોંઘવારી ભથ્થું આકારી પેન્શનનું ચુકવણું કરવાનું રહેશે.

**મોંઘવારી ભથ્થામાં** ૫૦ (પચાસ) પૈસા અને તેના કરતા વધુ પૈસાની ચુકવણી આખા રૂપિયા પ્રમાણે થશે અને ૫૦ (પચાસ) પૈસા કરતા ઓછી રકમને ગણતરીમાં લેવામાં આવશે નહીં. NPS ખાતા ધારક કર્મચારીઓની મોંઘવારી ભથ્થાના દરેક તફાવત બીલ માંથી **NPS ફાળાની કપાત** કરી જમા કરાવવાની રહેશે. તદુપરાંત અન્ય બાબતો ઉપરોક્ત ઠરાવથી થયેલ જોગવાઈને આધીન અમલવારી કરવાની રહેશે.

નોંધ:- ઉપરોક્ત તફાવતના બીલો તા. ૨૩.૦૫.૨૦૨૬ સુધીમાં અત્રેની કચેરીના તિજોરી શાખામાં રજુ કરવાના રહેશે.

**બિડાણ:**– ગુજરાત સરકાર નાણાં વિભાગનો તા.૦૪/૦૫/૨૦૨૬ નો ઠરાવ.

**હિસાબ નિયામક**

**જા.નં. નકૃયુ/હિનિ/વહટ/૧૩૫૫/૨૦૨૬**
**નવસારી, તા. ૦૭/૦૫/૨૦૨૬**

**નકલ જયભારત સાથ રવાના (ઇ-પરિપત્ર દ્વારા જાણ તથા અમલ થવા સારૂ):–**

(૧) આ યુનિવર્સિટી તમામ કચેરીઓના વડાશ્રીઓ/નાણાં ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રીઓ તરફ.

**નકલ રવાના (ઇ-પરિપત્ર દ્વારા જાણ તથા અમલ થવા સારૂ):–**

(૧) વહિવટી-વ-હિસાબી અધિકારીશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ.
(૨) અત્રેની કચેરીના આઇ.ટી. વિભાગ તરફ ઓનલાઇન **(URP)** સોફ્ટવેરમાં જરૂરી ફેરફારો કરવા સારૂ.
(3) આ કચેરીની પેન્શન બીલ શાખા તેમજ પગાર બીલ શાખા તરફ ઉપરોક્ત સૂચના મુજબ મોંઘવારી ભથ્થાના તફાવતનાં નાણાં કર્મચારી તેમજ પેન્શનરોને ચૂકવણા કરવાની કાર્યવાહી હાથ ધરવા સારૂ.

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.

**તા.૦૧/૦૧/૨૦૨૬ થી મોંઘવારી ભથ્થાના દરોમાં વધારો કરવા બાબત (છઠ્ઠા પગારપંચ સંદર્ભે)**

ગુજરાત સરકાર

**નાણા વિભાગ**

**ઠરાવ ક્રમાંક** : વલભ-૧૦૨૦૦૯-જીઓઆઇ-૧૦-ચ

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૦૪/૦૫/૨૦૨૬

**<u>વંચાણે લીધા:</u>**

(૧) નાણા વિભાગનો તા.૧૬/૫/૨૦૦૮નો ઠરાવ ક્ર. વલભ-૧૦૨૦૦૭-૨૦૧૬-ચ

(૨) નાણા વિભાગનો તા.૨૭/૨/૨૦૦૯નો ઠરાવ ક્ર. પીજીઆર-૧૦૦૯-૭-પે સેલ (મ)

(૩) નાણા વિભાગનો તા.૦૭/૧૦/૨૦૨૫નો ઠરાવ ક્ર. વલભ-૧૦૨૦૦૯-જીઓઆઇ-૧૦-ચ

(૪) ભારત સરકારનું તા.૨૨/૦૪/૨૦૨૬નો ઓફીસ મેમોરેન્ડમ નં. ૧/૧(૨)/૨૦૨૬ /ઇ.૨(બી)

## //ઠરાવ//

ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો- ૨૦૦૯ હેઠળના પગારધોરણો મુજબના પગાર મેળવતા કર્મચારીઓને વંચાણે લીધા ક્રમાંક (૩)ના તા.૦૭/૧૦/૨૦૨૫ના ઠરાવ નં. વલભ-૧૦૨૦૦૯-જીઓઆઇ-૧૦-ચ થી તા.૦૧/૦૭/૨૦૨૫ની અસરથી ૨૫૭% મુજબ મોંઘવારી ભથ્થુ મળવાપાત્ર થશે તેમ ઠરાવવામાં આવેલ છે.

**૨.** ભારત સરકારના વંચાણે લીધા ક્રમાંક (૪) ના તા.૨૨/૦૪/૨૦૨૬ ના ઓફીસ મેમોરેન્ડમથી છઠ્ઠા કેન્દ્રીય પગારપંચ મુજબ પગાર મેળવતા કર્મચારીઓના મોંઘવારી ભથ્થાના દરો તા.૦૧/૦૧/૨૦૨૬ થી ૨૫૭% થી વધારીને ૨૬૨% કરવામાં આવેલા છે. ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૦૯ હેઠળના પગારધોરણમાં પગાર મેળવતા કર્મચારીઓ અને પેન્શનરોના મોંઘવારી ભથ્થાના પ્રવર્તમાન દરોમાં તા.૦૧/૦૧/૨૦૨૬ થી સુધારણા કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૩. પુખ્ત વિચારણા બાદ, રાજ્ય સરકારે ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૦૯ હેઠળ પગાર મેળવતા કર્મચારીઓ અને પેન્શનરોના કિસ્સામાં ચૂકવવાપાત્ર મોંઘવારી ભથ્થાના માસિક દરમાં તા.૦૧/૦૧/૨૦૨૬ થી નીચે મુજબ વધારો કરવાનું ઠરાવવામાં આવે છે.

| ચૂકવવા પાત્ર તારીખ | ચૂકવવા પાત્ર માસિક મોંઘવારી ભથ્થાનો દર |
|---|---|
| **તા.૦૧/૦૧/૨૦૨૬ થી** | **મૂળ પગારના ૨૬૨%** |

૪. કર્મચારીઓના કિસ્સામાં ૨૬૨%ના મોંઘવારી ભથ્થાનો અમલ મે-૨૦૨૬ના પગાર સાથે કરવાનો રહેશે. જ્યારે સૂચિત મોંઘવારી ભથ્થાના જાન્યુઆરી-૨૦૨૬ થી એપ્રીલ-૨૦૨૬ સુધીના કુલ-૪ માસના તફાવતની રકમની ચુકવણી મે-૨૦૨૬ના પગાર (પેઈડ ઈન જૂન-૨૦૨૬) સાથે એક જ હપ્તામાં કરવાની રહેશે.

૫. સરકાર હેઠળના પેન્શનરોના કિસ્સામાં જાન્યુઆરી-૨૦૨૬ થી એપ્રીલ-૨૦૨૬ સુધીના કુલ-૪ માસના સમયગાળાની મળવાપાત્ર હંગામી વધારાના તફાવતની રકમની ચૂકવણી પેરા-૪ માં જણાવ્યા અનુસાર કરવાની રહેશે.

૬. આ હુકમો હેઠળ મોંઘવારી ભથ્થુ વિનિયમિત કરતી વખતે નાણા વિભાગના તા.૨૭/૨/૨૦૦૯ ના સરકારી ઠરાવ નં. પીજીઆર/૧૦૦૯/૬/પે સેલ (મ) ના ફકરા નં. ૩ અને ૪ માં આપેલી જોગવાઇઓ અગાઉની જેમ જ લાગુ પડશે. મોંઘવારી ભથ્થામાં ૫૦ (પચાસ) પૈસા અને તેના કરતાં વધુ પૈસાની ચૂકવણી આખા રૂપિયા પ્રમાણે થશે અને ૫૦ (પચાસ) પૈસા કરતા ઓછી રકમને ગણત્રીમાં લેવામાં આવશે નહીં.

૭. એન.પી.પી.એ. મેળવનાર કર્મચારી/અધિકારીઓને મોંઘવારી ભથ્થાના હાલના કુલ ૫% વધારાના લાભની ગણતરી પગાર સુધારણા નિયમો-૨૦૦૯ મુજબ તથા નાણા વિભાગ (પ.એ.) ના તા. ૨૫/૦૬/૨૦૧૦ના ઠરાવ ક્ર. પીજીઆર/૧૦૦૯/૮/પે સેલ, તા.૦૧/૦૯/૨૦૧૦ના ઠરાવ ક્ર.પીજીઆર/૧૦૧૦/૫૧/પે સેલ, તા.૨૨/૧૧/૨૦૧૧ ના ઠરાવ ક્ર.પીજીઆર-૧૦૧૧/૬૭/પે સેલ તથા તા.૧૨/૦૪/૨૦૧૨ ના ઠરાવ ક્ર. પીજીઆર/૧૦૧૧/૭૦/પે સેલ મુજબ કરવાની રહેશે.

૮. આ હુકમો જેમના પ્રોવિડન્ટ ફંડ ખાતા રાજ્ય સરકાર હસ્તક છે તેવા રાજ્ય સરકારના તમામ કર્મચારીઓ, પંચાયતના કર્મચારીઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારી વર્ગ, સહાયક અનુદાન મેળવતી બિન-સરકારી શાળાઓના તમામ કર્મચારીઓને લાગુ પડશે. રાજ્ય સરકારની પ્રવર્તમાન નીતિ અનુસાર જે કર્મચારીઓ ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૦૯ હેઠળના પગારધોરણમાં પગાર મેળવતા હોય તેઓને આ ઠરાવની જોગવાઇ મુજબ વધારો મળવાપાત્ર થશે.

૯. પ્રસ્તુત ઠરાવનો લાભ ઉચિત ફેરફાર સાથે પ્રાથમિક શિક્ષકો અને પંચાયતમાં પ્રતિનિયુક્તિ ઉપરના અથવા બદલી પામેલ વ્યક્તિઓને તેમજ કામ પૂરતા મહેકમના કર્મચારીઓને આપવામાં આવશે. તે જ પ્રમાણે પંચાયતો, સ્થાનિક સંસ્થાઓ અને નગરપાલિકાઓએ તેમના કર્મચારીઓને મંજૂર કરેલ મોંઘવારી ભથ્થાના કારણે અને બિન-સરકારી માધ્યમિક શાળાઓને તેમના શિક્ષકો તેમજ તે જ પ્રમાણે સહાયક અનુદાન લેતી સંસ્થાઓને તેમના કર્મચારીઓને આપવાના થતા મોંઘવારી ભથ્થાના કારણે થતું ખર્ચ આ હુકમોમાં નિયત કર્યા પ્રમાણે વિનિયમિત કરવામાં આવશે. આ હુકમોને કારણે થતું ખર્ચ એ શરતે અનુદાનને પાત્ર ગણવામાં આવશે કે, આ રીતે મંજૂર કરેલ મોંઘવારી ભથ્થાના તફાવતનો હિસ્સો રાજ્ય સરકારના સમકક્ષ કર્મચારીઓને મળવાપાત્ર હિસ્સા કરતાં વધારે ન થવો જોઇએ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઈ.ડી.ચૌધરી)
નાયબ સચિવ
નાણા વિભાગ

<u>નકલ રવાના પ્રતિ:-</u>

* માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
* માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

* માન. મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
* માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત લોકાયુક્ત કચેરી, લોકાયુક્ત ભવન, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત રાજ્ય તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
* અધ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
* સચિવાલયના તમામ વિભાગો/સર્વે ખાતાના વડાઓ
* એકાઉન્ટન્ટ જનરલ ઓડિટ-૧, ગુજરાત, બહુમાળી ભવન, લાલ દરવાજા, અમદાવાદ.
* એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ.એન્ડ ઇ.), ગુજરાત, પો.બો. નં. ૨૨૦, રાજકોટ.
* એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત, અમદાવાદ.
* પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
* સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
* સ્થાનિક ભંડોળ હિસાબ, ડી. એ. ટી.ગાંધીનગર /સર્વે સહાયક નિરિક્ષકશ્રીઓ.
* નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
* નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.
* નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.
* તમામ નિગમ/બોર્ડ/યુનિવર્સિટીઓ/રાજ્ય સરકારના તમામ જાહેર સાહસો.
* સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ..... વેબસાઇટ ઉપર મુકવા સારૂ.
* સિલેક્ટ ફાઇલ
* પત્ર દ્વારા